| | |
|---|---|
| રજુ તારીખ : | ૨૪/૦૬/૨૦૨૬ |
| દાખલ તારીખ : | ૨૪/૦૬/૨૦૨૬ |
| ફેંસલ તારીખ : | ૨૩/૦૭/૨૦૨૬ |
| અવધિ : | વર્ષ : માસ : દિવસ : |
| | ૦૦ : ૦૦ : ૨૯ : |

**આણંદ જીલ્લાના મહે. બીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. પેટલાદ.**

ફોજદારી પરચુરણ અરજી **નં.–૯૦/૨૦૨૬.**

**આંક :**

**એસ.ઓ.ચૌધરી,**
**પો.સ.ઈ.શ્રી,**
**એસ.ઓ.જી. આણંદ.**

... અરજદાર/ફરીયાદી

વિરૂઘ્ધ

**વિદેશકુમાર પ્રભુરામ કુમાવત.**
ઉ.વર્ષ.૩૮, ધંધો.વેપાર.
રહે.મુ.ગણેશ નગર, બારગાંવ,
તા.શીવગંજ, જી.સીહોરી.
ડાયરેકટર–જીપીકે. સુપર બજાર પ્રા.લી.સુમેરપુરા.

... સામાવાળા/આરોપી

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩(૨) મુજબ જામીન રદ કરવા બાબત.**

અરજદાર તરફે : વિ.એ. પી. પી. કુ.જે.એચ.રાઠોડ.
સામાવાળા તરફે : વિ. વકીલ શ્રી એન.એમ.મીરઝા.

| | |
|---|---|
| રજુ તારીખ : | ૧૪/૦૭/૨૦૨૬ |
| દાખલ તારીખ : | ૧૪/૦૭/૨૦૨૬ |
| ફેંસલ તારીખ : | ૨૩/૦૭/૨૦૨૬ |
| અવધિ : | વર્ષ : માસ : દિવસ : |
| | ૦૦ : ૦૦ : ૦૯ : |

**<u>આણંદ જીલ્લાના મહે. બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુ. પેટલાદ.</u>**

<u>ફોજદારી પરચુરણ અરજી **નં.–૧૦૯/૨૦૨૬.**</u>
**આંક :**

**વિદેશકુમાર પ્રભુરામ કુમાવત.**
ઉ.વર્ષ.૩૮, ધંધો.વેપાર.
રહે.મુ.ગણેશ નગર, બારગાંવ,
તા.શીવગંજ, જી.સીહોરી.
ડાયરેકટર–જીપીકે. સુપર બજાર પ્રા.લી.સુમેરપુરા.

... અરજદાર

**<u>વિરૂધ્ધ</u>**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત.**
(નોટીસ થ્રુ આસી. સરકારી વકીલશ્રી, પેટલાદ)

... સામાવાળા

બાબત : **<u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી.</u>**

<u>અરજદાર તરફે : વિ. વકીલ શ્રી એન.એમ.મીરઝા.</u>
<u>સામાવાળા તરફે : વિ.એ. પી. પી. કુ.જે.એચ.રાઠોડ.</u>

## <u>–: : ક્રિમીનલ પરચુરણ અરજ નં.૯૦/૨૦૨૬ તથા ક્રિમીનલ પરચુરણ અરજ નં.૧૦૯/૨૦૨૬ ના કામે સંયુકત ઠરાવ : :–</u>

### <u>ક્રિમીનલ પરચુરણ અરજ નં.૯૦/૨૦૨૬ ની વિગત.</u>

(૧) **પેટલાદ ટાઉન પો.સ્ટે. ના** ગુ.રજી.નં.૧૧૨૧૫૦૨૧૨૫૦૬૬૨/૨૦૨૫

થી ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના ગુનાના કામે હાલના સામાવાળા/આરોપી નાઓએ પેટલાદ સેશન્સ કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજ નં.૦૫/૨૦૨૬ થી આગોતરા જામીન અરજી દાખલ કરેલ, જે અરજી નામદાર કોર્ટ ધ્વારા તા.૧૯/૧/૨૦૨૬ ના રોજ શરતોને આધીન મંજુર કરેલ ત્યાર બાદ સદર ગુનાની તપાસ ચાલુ હતી તે દરમ્યાન આરોપીએ સાહેદ સાથે કરવામાં આવેલ ફેન્ચાઈજી એગ્રીમેન્ટની નકલ રજુ કરેલ છે, જે બાબતે ગુનાની તપાસ દરમ્યાન ફરીયાદી તેમજ સાહેદની વિશેષ પુછપરછ કરી નિવેદનો મેળવતા ગુનાની તપાસના કામે આરોપી ધ્વારા રજુ કરવામાં આવેલ ફેન્ચાઈજી એગ્રીમેન્ટ ફરીયાદી તેમજ સાહેદ ધ્વારા રજુ કરવામાં આવેલ ન હોવાનું તેમજ તેમાં કરેલ સહીઓ પણ સાહેદની ન હોવાનું જણાય આવેલ હોવાથી આરોપીએ ગુનાની તપાસ કામે રજુ કરેલ ફેન્ચાઈજી એગ્રીમેન્ટનો દસ્તાવેજ ખોટો બનાવી તેમા સાહેદની સહી ખોટી કરાવડાવી, તેને સાચા તરીકે ઉપયોગ કરવા સદર ગુનાની તપાસના કામે રજુ કરેલ હોવાનું જણાય આવતા ગુનાના કામે ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો પણ બનતો હોય નામદાર કોર્ટમાં કલમનો ઉમેરો કરવા માટે જા.નં.૧૮૪/૨૦૨૬, તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ રીપોર્ટ આપેલ, જે નામદાર કોર્ટ ધ્વારા ગ્રાહ્ય રાખેલ છે. સદર કામના સામાવાળા/આરોપી વિદેશકુમારનાઓએ આગોતરા જામીન અરજી ઈ.પી.કો.કલમ–૪૦૬ મુજબના ગુનાના કામે મેળવેલ હોય અને ગુનાની તપાસ દરમ્યાન ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનો ઉમેરો કરવામાં આવેલ હોય, સદર કામે આરોપીના આગોતરા જામીનનો હુકમ રદ કરવા તથા સામાવાળા/આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની ક્રિમીનલ પરચુરણ અરજી અન્વયે સામાવાળા/આરોપી

ધ્વારા આંક–૫ થી લેખીત જવાબ રજુ કરેલ છે, જેમાં જણાવેલ હકીકતો વંચાણે તથા ધ્યાને લેવામાં આવેલ છે.

**<u>ક્રિમીનલ પરચુરણ અરજ નં.૧૦૯/૨૦૨૬ ની વિગત.</u>**

(૩) આ કામના અરજદાર/આરોપીએ **પેટલાદ ટાઉન પો.સ્ટે. ના** ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૫૦૬૬૨/૨૦૨૫ થી ઈ.પી.કો.કલમ–૪૦૬ તથા ઉમેરો કરેલ ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના ગુનામાં તેઓની સંભવિત ધરપકડથી રક્ષણ મેળવવા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા હાલની જામીન અરજી દાખલ કરેલી છે.

**<u>બંને અરજીના કામે સંયુકત ચર્ચા.</u>**

(૪) આ કામના આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા રજુઆત કરી જણાવેલ છે કે, ફરીયાદમાં ખોટી રીતે ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ નો ઉમેરો કરેલ છે અને આવો કલમોનો ઉમેરા લાયક કોઈ ગુનો બનેલ નથી. વધુમાં જણાવે છે કે ફરીયાદીના કહેવા મુજબ રૂ.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લખેલ એગ્રીમેન્ટને એસ.ઓ.જી. પોલીસનું કહેવું છે ખોટો દસ્તાવેજ બનાવેલ છે, સાહેદની સહી નથી અને આગળ કહે છે કે સાહેદ સહી કરાવડાવી છે. આમ ડબલ નિવેદનો છે. સદર ફ્રેન્ચાઈઝી એગ્રીમેન્ટની સહીઓને એફ.એસ.એલ. માં મોકલ્યા વગર સહી ખરી છે કે ખોટી તે કહી શકાય નહિ. એગ્રીમેન્ટ લેખને એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ નથી. સદર દસ્તાવેજ મુળ આરોપી એટલે કે હાલના અરજદારે એસ.ઓ.જી. ને આપેલ નથી પરંતુ પેટલાદ કોર્ટમાં હાલના અરજદારે પેટલાદના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં કરેલ ફરીયાદ કે જેનો ક્રિમીનલ ઈન્કવાયરી નં.૨૦૨/૨૦૨૫ માં એસ.ઓ. ચૌધરીએ અરજી કરી અસલ

દસ્તાવેજ મેળવેલ છે. ફરીયાદી તથા સાહેદોના કહેવાથી સદર એગ્રીમેન્ટ દસ્તાવેજ ખરો છે કે ખોટો તે કહી શકાય નહિ. ફરીયાદી અને સાહેદો ખોટું પણ બોલી શકે છે અને તેમના કહેવાથી કલમોનો ઉમેરો થાય નહિ અને ગુનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ પરંતુ હાલના કેસમાં નિષ્પક્ષ તપાસ થયેલ નથી. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે આરોપી અરજીમાં જણાવેલ સરનામે પરીવાર સાથે રહે છે તથા જીપીકે સુપર બજાર પ્રા. લી. ના ડાયરેકટર છે તથા કંપનીની ઘણી બ્રાન્ચો છે અને જામીન મળ્યા પછી નાસી ભાગી જાય તેમ નથી તેમજ તેઓ તપાસના કામે પુરતો સાથ સહકાર આપવા તૈયાર અને ખુશ છે તથા ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવુ કૃત્ય કરે તેવા ન હોય, નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવાની ખાત્રી આપતા હોય, અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલી છે.

(૫) સદર કામે સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રી હાજર થઈ ભારપુર્વક રજુઆત કરેલી છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ-૪૦૬ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે તેમજ તપાસના કામે આરોપીએ રજુ કરેલ ફેન્ચાઈજી એગ્રીમેન્ટનો દસ્તાવેજ ખોટો બનાવી તેમા સાહેદની સહી ખોટી કરાવડાવી, તેને સાચા તરીકે ઉપયોગ કરેલ હોવાની હકીકત ખુલેલ હોવાથી નામદાર કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ આપવામાં આવેલ અને તે ગ્રાહ્ય રાખવામાં આવેલ છે. જેથી આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ-૪૦૬ તેમજ કલમ ઉમેરા બાદ ઈ.પી.કો.કલમ-૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ ના ગુનાના કામે આરોપીની કસ્ટોડીયલ ઈન્ટરોગેશનની જરૂર રહેલ છે. વધુમાં જણાવેલ છે કે, આરોપીના નામ જોગ ફરીયાદ આપવામાં આવેલ છે અને આરોપી વિરુધ્ધ પ્રથમદર્શનીય મજબુત કેસ હોવાથી આરોપીની હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવા તેમજ અગાઉ મેળવેલ આગોતરા જામીન અરજી

રદ કરવા અરજ કરેલ છે. આ કામે તપાસ કરનાર અધિકારીએ આંક−૦૪ થી સોગંદનામુ રજૂ કરેલુ છે.

(૬) ફરીયાદીની અરજી, આરોપીની અરજી તથા બંને પક્ષની ઉપરોકત રજુઆતો તથા કેસ પેપર્સ, ફરીયાદ અને રેકર્ડ ઉપર રજુ આધારો તેમજ જામીન અરજી લગત રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને તથા વંચાણે લીધા. સદર ગુનાના કામના આરોપી વિદેશકુમાર પ્રભુરામ કુમાવત નાઓને ઈ.પી.કો.કલમ−૪૦૬ મુજબના ગુનાના કામે અગાઉ આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવેલ હતા તેમજ ત્યાર બાદ ફરીયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ દરમ્યાન ફ્રેન્ચાઈજી એગ્રીમેન્ટ મેળવવામાં આવેલ છે, જે એગ્રીમેન્ટ હાલના કામના મુળ ફરીયાદી તથા સાહેદ દ્વારા રજુ કરવામાં આવેલ ન હોવાનું અને તેમાં કરવામાં આવેલ સહીઓ પણ તેઓ દ્વારા કરવામાં આવેલ ન હોવાની હકીકત જણાવેલ છે, જેથી તે એગ્રીમેન્ટ ખોટો હોવાનું અને સાચા તરીકે તેનો ઉપયોગ કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ સદર એગ્રીમેન્ટમાં કરવામાં આવેલ સહીઓ સાચી છે કે ખોટી તે હકીકત સદર એગ્રીમેન્ટ એફ.એસ.એલ. માં મોકલ્યા વગર કહી શકાય નહિ. આ એગ્રીમેન્ટમાં ફરીયાદી કે સાહેદની સહી ન હોવા સંબંધે હાલના તબકકે એફ.એસ.એલનો કોઈ રીપોર્ટ ત.ક.અ. દ્રવારા રેકર્ડ પર રજુ થયેલ નથી.

વધુમાં ફરીયાદપક્ષ તરફે ત.ક.અમલદાર દ્વારા બી.એન.એસ.એસ. ની કલમ−૪૮૩(૨) અન્વયે આરોપીની જામીન રદ કરી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવા માટે જણાવેલ છે પરંતુ સદર કામના આરોપીની આગોતરા જામીન ઉપર મુકત કરતી વખતે મુકવામાં આવેલ શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ કરેલ હોય તેવું રેકર્ડ જોતા જણાય આવતું નથી.

આમ, ઉપરોકત તમામ હકીકતો તથા ચર્ચા ધ્યાને રાખતા સદર ગુનાના કામે કલમ ઉમેરો થયા બાદ તપાસના કામે આરોપીની કસ્ટોડીયલ

માટે જરૂર હોય તેવું જણાય આવતું નથી તેમજ આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરતી વખતે મુકવામાં આવેલ શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ કરેલ હોય તેવું જણાય આવતું ન હોવાથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **– : : હુકમ : : –**

**૧.** ફોજદારી પરચુરણ અરજી **નં.–૯૦/૨૦૨૬** આથી " **નામંજુર** " કરવામાં આવે છે.

**૨.** ફોજદારી પરચુરણ અરજી નં.–૧૦૯/૨૦૨૬ આથી મંજુર કરવામા આવે છે. બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૮૨ અન્વયે હાલના આરોપી **વિદેશકુમાર પ્રભુરામ કુમાવત,** રહે.મુ.ગણેશ નગર, બારગાંવ, તા.શીવગંજ, જી.સીહોરી. ડાયરેકટર–જીપીકે. સુપર બજાર પ્રા.લી.સુમેરપુરા નાઓની આગોતરા જામીન અરજી " **મંજુર** " કરવામાં આવે છે.

હાલના અરજદાર/આરોપીને તેઓના વિરૂધ્ધ નોંધાયેલ **પેટલાદ ટાઉન પો.સ્ટે.** ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૫૦૬૬૨/૨૦૨૫ થી નોંધાયેલ ઈ.પી.કો.કલમ–૪૦૬ તથા ઉમેરો કરેલ ઈ.પી.કો.કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે ત.ક.અમલદારશ્રી તરફથી ધરપકડ કરવામાં આવે ત્યારે હાલના આરોપી ત.ક.અમલદારશ્રી સમક્ષ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરાના ) સધ્ધર સ્થાવર મિલ્કતો ધરાવતા જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી નીચે મુજબની શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમની એક નકલ ક્રિ૫.અ.નં.૯૦/૨૦૨૬માં મુકવી

**-:: શ ર તો ::-**

**૧.** અરજદાર/આરોપીએ ચાર્જશીટ દાખલ થતા સુધી દર મહિનાના પ્રથમ શનિવારે કલાક-૧૧-૦૦ થી બપોરના કલાક ૨-૦૦ દરમ્યાન સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

**૨.** અરજદાર/આરોપીએ તેમને મળેલ મુકિતનો કોઈ પણ પ્રકારે દુરુપયોગ કરવો નહિં કે સાહેદોને ફોડવાની, લલચાવવાની કે ધાકધમકી આપવાની કોઈ કોશીષ કરવી નહિં.

**૩.** અરજદાર/આરોપીએ તપાસના કામે જયારે અને જયાં બોલાવવામાં આવે ત્યારે અને ત્યાં તપાસનીશ અધિકારી સમક્ષ હાજર રહી તપાસમાં સહકાર આપવાનો રહેશે.

**૪.** અરજદાર/આરોપીએ પોતાનુ હાલનું રહેઠાણનું સરનામું તથા મોબાઈલ, ટેલીફોન નંબર જાહેર કરવા અને આ જાહેર કરેલી વિગતો નીચેની અદાલતની પુર્વ પરવાનગી વગર બદલાવવા નહી.

**૫.** અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો ને નીચેની કોર્ટમાં જમા કરાવવો.

આ ચુકાદો આજ તારીખ-૨૩, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

**(ઝંખના વી. ત્રિવેદી)**
બીજા અધિક સેશન્સ જજ, પેટલાદ
**GJ-00676**

તારીખ:- ૨૩/૦૭/૨૦૨૬
સ્થળ :- પેટલાદ.

*સ્ટેનો-જે.ટી.રાણા.*